## (1) 'એશિયન ડેવલપમેન્ટ બેન્ક' (ADB) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) ADBએ ભારતની 2.2 બિલિયન ડોલરની લોનની માંગ માટે સમર્થન દર્શાવ્યું છે.

(2) ADBના શેરહોલ્ડર તરીકે પ્રથમ ક્રમ ચીનનો છે જ્યારે બીજો ક્રમ યુ.એસ.એ.નો છે.

(3) ADBનું વડુંમથક જાપાનમાં આવેલું છે.

(4) ઓસ્ટ્રેલિયા, ફ્રાંસ અને જર્મની ADBના સભ્યો છે.

(A) માત્ર (2), (3) અને (4) (B) માત્ર (1) અને (4)

(C) માત્ર (1), (2) અને (3) (D) માત્ર (3)

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ ભારત દ્વારા COVID-19 સમક્ષની લડાઈ માટે ADB પાસેથી લોનની માંગ કરવામાં આવી હતી. તાજેતરમાં ADBએ ભારતની 2.2 બિલિયન ડોલરની લોનની માંગને સમર્થન આપ્યું છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ADB વિશે :

સ્થાપના : વર્ષ 1966
વડુંમથક : મનીલા, ફિલિપિન્સ
સભ્ય : કુલ 68 (49 ક્ષેત્રીય સભ્યો, 19 બિનક્ષેત્રીય સભ્યો)
શેરહોલ્ડીંગ : 1. જાપાન
2. યુ.એસ.
3. ચીન
4. ભારત
5. ઓસ્ટ્રેલિયા

(આથી, વિધાન (2) અને (3) ખોટાં છે.)

⇛ ADBના બિનક્ષેત્રીય સભ્યો :– ઓસ્ટ્રિયા, બેલ્જિયમ, કેનેડા, ફ્રાંસ, જર્મની, ઈટાલી, નોર્વે વગેરે.

⇛ ઓસ્ટ્રેલિયા ADBનું ક્ષેત્રીય સભ્ય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) COVID-19 અને 'પ્લાઝમા થેરાપી' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) ભારતમાં સૌપ્રથમ કેરળ દ્વારા આ થેરાપી COVID-19 માટે વાપરવામાં આવશે.
(2) વિશ્વમાં ભારત આ થેરાપી વાપરનાર પ્રથમ દેશ બનશે.
(3) પ્લાઝમા થેરાપીનો ઉપયોગ મુખ્યત્વે વાયરસ દ્વારા થતાં ચેપની સારવાર માટે કરવામાં આવે છે.
(4) આ થેરાપીમાં સ્વસ્થ થઈ ગયેલાં વ્યક્તિના 'એન્ટિબોડી'નો ઉપયોગ કરવામાં આવે છે.

(A) માત્ર (1), (3) અને (4)
(B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ICMR (Indian Council of Medical Research) દ્વારા પ્લાઝમા થેરાપીનો ઉપયોગ COVID-19 માટે કરવાની મંજૂરી આપવામાં આવી છે. ભારતમાં સૌપ્રથમ કેરળ દ્વારા આ થેરાપીનો ઉપયોગ કરવામાં આવશે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ભારત અગાઉ ચીન અને યુ.એસ. દ્વારા આ પદ્ધતિ વાપરવામાં આવેલી છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ પ્લાઝમાં થેરાપીનો ઉપયોગ વાયરસ દ્વારા થતાં ચેપની સારવાર માટે કરવામાં આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ થેરાપીમાં જે–તે રોગ દ્વારા સ્વસ્થ થયેલાં વ્યક્તિના 'એન્ટિબોડી'ને તે જ રોગ દ્વારા ગંભીર રીતે અસ્વસ્થ દર્દીના શરીરમાં નાખવામાં આવે છે. આથી, તે દર્દીની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ અગાઉ ઈ–બોલા દરમિયાન પણ આ થેરાપીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(3) 'દરબાર સ્થળાંતર' (Durbar Move) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) જમ્મુ–કાશ્મીરમાં દર છ મહિને રાજધાની બદલવામાં આવે છે, જેને 'દરબાર સ્થળાંતર' તરીકે ઓળખવામાં આવે છે.

(2) આ અંતર્ગત શિયાળું રાજધાની તરીકે શ્રીનગર અને ઊનાળું રાજધાની તરીકે જમ્મુ હોય છે.

(3) આ પ્રથાની શરૂઆત મહારાજા ગુલાબ સિંઘ દ્વારા કરવામાં આવી હતી.

(4) 148 વર્ષોમાં પ્રથમ વખત આ વર્ષે રાજધાની બદલવામાં નહીં આવે.

(A) માત્ર (1), (3) અને (4)    (B) માત્ર (2)

(C) માત્ર (1) અને (4)    (D) (1), (2) અને (3)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં જમ્મુ–કાશ્મીર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કે, છ માસિક રીતે રાજધાની બદલવાની પ્રથા આ વર્ષે સ્થગિત રાખવામાં આવશે. આ પ્રથાને 'દરબાર સ્થળાંતર' કહે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ 148 વર્ષોમાં પ્રથમ વખત રાજધાનીનું સ્થળાંતર કરવામાં નહીં આવે. અર્થાત્ જમ્મુ–કાશ્મીરનો આ પ્રથમ બનાવ છે કે જેમાં આ પ્રથા સ્થગિત રાખવામાં આવી છે. આ માટેનું મુખ્ય કારણ COVID-19 છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ મે થી ઓક્ટોબર એટલે કે ઊનાળા દરમિયાન રાજધાની શ્રીનગર હોય છે જ્યારે શિયાળામાં રાજધાની જમ્મુ રાખવામાં આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ પ્રથાની શરૂઆત કરવાનો હેતુ બે વિભિન્ન સંસ્કૃતિ વચ્ચે સમન્વય સાધવાનો હતો.

⇛ આ પ્રથાની શરૂઆત ઈ.સ. 1872માં ડોગરા શાસક મહારાજા રણબીર સિંઘ દ્વારા કરવામાં આવી હતી. તેઓ મહારાજા ગુલાબ સિંઘ (જમ્મુ–કાશ્મીરના સ્થાપક)ના પુત્ર હતા. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(4) ભૂગર્ભ જળમાં યુરેનિયમના પ્રદૂષણ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) વિશ્વ આરોગ્ય સંસ્થા મુજબ યુરેનિયમનું પાણીમાં પ્રમાણ 30 mpl કરતાં વધુ હોવું જોઈએ નહીં.
(2) બિહારના કેટલાંક જિલ્લાઓમાં આ પ્રમાણ ખૂબ જ વધુ જોવા મળ્યું છે.
(3) ભારતમાં માત્ર 4 રાજ્યોમાં જ ભૂગર્ભ જળમાં યુરેનિયમનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે.
(4) આવા પાણી દ્વારા હાડકાંને તથા કિડનીને અસર થઈ શકે છે.

(A) માત્ર (1)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (3)
(D) માત્ર (1), (2) અને (4)

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇒ માન્ચેસ્ટર યુનિવર્સિટી તથા મહાવીર કેન્સર ઈન્સ્ટિટયૂટ દ્વારા કરવામાં આવેલાં એક અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે બિહારના 10 જિલ્લાઓમાં ભૂગર્ભ જળમાં યુરેનિયમનું ખૂબ વધુ પ્રમાણ જોવા મળ્યું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ WHO (વિશ્વ આરોગ્ય સંસ્થા) દ્વારા યુરેનિયમની પાણીમાં માત્રા મહત્તમ 30 mpl (Microgram Per Litre) નક્કી કરવામાં આવેલી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ બિહારના સુપૌલ વિસ્તારમાં આ પ્રમાણ 80mpl જેટલું જોવા મળ્યું છે.

⇒ વધુ પડતાં યુરેનિયમવાળા પાણીના કારણે ગંભીર રોગો થઈ શકે છે. જેમ કે, હાડકાંમાં ઝેર પ્રસરવું, કિડનીના રોગ, કેન્સર વગેરે (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ ભારતમાં કુલ 16 રાજ્યોમાં ભૂગર્ભ જળમાં યુરેનિયમનું પ્રદૂષણ જોવા મળે છે. જેમાં ગુજરાતનો પણ સમાવેશ થાય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) 'OPCW' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તેનું પૂરું નામ Organisation for the Prohibition of Chemical Weapons છે.

(2) ભારત OPCWનું સભ્ય નથી.

(3) OPCW એ સિરિયામાં કરેલાં કાર્ય બદલ તેને વર્ષ 2013નો નોબેલ–શાંતિ પુરસ્કાર એનાયત થયો હતો.

(4) તેનું વડુંમથક નેધરલેન્ડમાં આવેલું છે.

(A) માત્ર (1), (3) અને (4) (B) આપેલ તમામ

(C) માત્ર (1) અને (4) (D) માત્ર (1)

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ વર્ષ 2017માં સિરિયામાં થયેલાં કેમીકલ એટેક માટે OPCW એ સિરિયા સરકારને જવાબદાર ઠેરવી છે.

⇛ OPCW એટલે કે, Organisation for the Prohibition of Chemical Weaponsની સ્થાપના વર્ષ 1997માં 'કેમીકલ વેપન કન્વેન્શન' હેઠળ કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ભારત સહિત કુલ 193 દેશો OPCWના સભ્યો છે તથા માત્ર 4 સંયુક્ત રાષ્ટ્રના દેશો આ સંસ્થાના સભ્ય નથી. (ઈજિપ્ત, ઈઝરાયેલ, ઉત્તર કોરિયા અને દક્ષિણ સુદાન) (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ સંસ્થાનું વડુંમથક નેધરલેન્ડના ધ હેગ (The Hauge) શહેરમાં આવેલું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ સંસ્થા વિશ્વને 'કેમીકલ વેપન'થી જડમુક્ત કરવા માટે કાર્ય કરે છે. સિરિયામાં કરેલાં કાર્ય બદલ આ સંસ્થાને વર્ષ 2013માં નોબેલ–શાંતિ પુરસ્કાર મળ્યો હતો. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT